તા. ૦૨/૦૨/૨૦૨૪

| અગ્રતા ક્રમાંક | તારાંકિત પ્રશ્ન ક્રમાંક | મુખ્ય પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી / પ્રશ્નની વિગત | પૂરક પ્રશ્ન ક્રમાંક | પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧૨ | ૧૫/૪/૨૬ | રાજકોટ–અમદાવાદ હાઈવેને સીક્સલેન બનાવવા બાબત શ્રી હેમંતભાઈ આહીર– જામ જોધપુર | ૩ | શ્રી ભગવાનજીભાઈ કરગઠીયા– માંગરોળ |

| પૂરક પ્રશ્ન ક્રમાંક | અગ્રતા ક્રમ – ૧૨<br>પુરક પ્રશ્ન આપેલ ધારાસભ્યશ્રીનું નામઃ– શ્રી ભગવાનજીભાઇ કરગઠીયા–માંગરોળ |
|---|---|
| પ્રશ્ન–૩ | અમદાવાદ–રાજકોટ પ્રોજેકટને નવીન હીરાસર એરપોર્ટ સાથે સાંકળવા માટે કઇ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી તેનાથી શું ફાયદા થશે? તથા અમદાવાદ–રાજકોટ પ્રોજેકટ ટુરીઝમ ડેવલોપમેન્ટ માટે અગત્યનો છે તો આ છ–માર્ગીયકરણથી કયા અગત્યના સ્થળોને લાભ થશે? |
| જવાબ–૩ | ➢ અમદાવાદ–રાજકોટ પ્રોજેકટને નવીન હીરાસર એરપોર્ટ સાથે સાંકળવા માટે ટ્રમ્પેટ જંકશનનું નિર્માણ કરવામાં આવશે<br>➢ જેનાથી હીરાસર એરપોર્ટથી અમદાવાદ અને રાજકોટ તરફ જતા વાહનો કોઇપણ પ્રકારના અડચણ વિના અમદાવાદ–રાજકોટ છ–માર્ગીય રસ્તા પર અલગ અલગ રેમ્પથી મર્જ થઇ શકશે તેમજ હીરાસર એરપોર્ટ અને હીરાસર ગામ આ રસ્તાની સામ–સામેની બાજુએ હોઇ હીરાસર ગ્રામજનોની સલામતી તથા સુરક્ષાને ધ્યાને લઇ અન્ડરપાસનુ પણ આયોજન કરેલ છે. જેથી અમદાવાદ–રાજકોટ રસ્તા પર વાહનવ્યવહાર અડચણ વિના સુચારૂ રૂપે થઇ શકે.<br>➢ તદ્ ઉપરાંત અમદાવાદ–રાજકોટ રસ્તાના છ–માર્ગીયકરણના કારણે ભારતના મહત્વના શહેરોને તથા ગુજરાત રાજયના ધાર્મિક સ્થળો જેવા કે સોમનાથ, દ્વારકા, ચોટીલા તથા પ્રવાસન સ્થળો જેવા કે જુનાગઢ, સાસણગીર, દીવ અને રાજકોટ, મોરબી, જામનગર, વેરાવળ જેવા ઔદ્યોગિક સ્થળોને જોડાણ પુરૂ પાડતી અગત્યની મહત્વની કડી બને રહેશે. |